**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૬.૬ ડીગ્રી
લઘુતમ : ૧૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૬૩ ટકા

# શહેરમાં વચનામૃત જ્ઞાનવર્ષા મહોત્સવ

## શુક્રવારે બપોરે સામાજીક સંદેશ આપતા વિવિધ ટેબ્લો સાથેની ભવ્ય નગરયાત્રા યોજાઈ








ગાંધીનગર, તા.૧૩
સ્વામિનારાયણ મંદિર સે-૨૩ આયોજીત વચનામૃત જ્ઞાનવર્ષા મહોત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત બપોરે ૨.૩૦ વાગ્યે જ્ઞાનવર્ષા નગરયાત્રા યોજાઈ હતી. જેમાં સામાજીક સંદેશ આપતા વિવિધ ટેબ્લો સાથે દ્વિચક્રી વાહનો લઈ ભાવિક ભકતો જોડાયા હતા.

સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે યોજાયેલ જ્ઞાનવર્ષા નગરયાત્રા અંતર્ગત ગ્રંથદર્શનની સાથે ટ્રાફિક નિયમ પાલન, સ્વચ્છતા અભિયાન પ્રેરણા, ઊર્જા બચાવ પ્રેરણા, ગ્રામ્ય જીવન દર્શન તેમજ બેટી બચાવો બેટી પઢાવો વગેરેની પ્રેરણા પુરી પાડતા ટેબ્લો અને દ્વિચક્રી વાહનો અને ગાડીઓ સાથે વિરાટ નગરયાત્રા નીકળી હતી. શાસ્ત્રી સ્વામી હરિપ્રિયદાસજીના જણાવ્યા અનુસાર આ નગરયાત્રાનો ઉદ્દેશ જન સમાજમાં જાગૃતિ આવે તથા પરસ્પર સદભાવ સુલેહની અભિવૃદ્ધિ થાય તે છે.

આ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરની ૧૧ શાળાના કુલ ત્રણ હજાર જેટલા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાહિત્યનું વિના મૂલ્યે વિતરણ કરાયું હતું. આ ઉપરાંત નેત્રનિદાન કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ યોજાયા હતા અને કેમ્પ દરમિયાન આંખોની તપાસ વિના મૂલ્યે કરવામાં આવી હતી જેનો લાભ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે ભાવિક ભકતોએ લીધો હતો.

આ વિરાટ જ્ઞાનવર્ષા નગરયાત્રામાં પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી તથા ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા દ્વારા ધ્વજા લહેરાવી પ્રસ્થાન કરાવાયું હતું. આ નગરયાત્રામાં લગભગ એકાદ હજાર ભકતજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## આજે ડૉ. આંબેડકર હોલ ખાતે જાણીતા ગાયક ભીખાભાઈ પંચાલની સંગીત સંધ્યા

ગાંધીનગર, તા.૧૩
ન્યુ ગાંધીનગરના શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિઓ દ્વારા તા. ૧૪મી ડિસેમ્બર શનિવારના રોજ રાત્રે ૯ કલાકે શહેરના સે-૧૨ ખાતેના ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ 'એક શામ ભીખાભાઈ પંચાલ કે નામ' યોજવામાં આવ્યો છે. આ સંગીત સંધ્યામાં ગુજરાતના જાણીતા ગાંધીનગરના વરિષ્ઠ ગાયક કલાકાર જેઓ પુરુષ મહિલા બંનેના અવાજમાં સુંદર ગાયકી માટે જાણીતા છે તેવા ભીખાભાઈ પંચાલ તેમની અદભૂત ગાયકીનો રસથાળ પીરસશે.

આ કાર્યક્રમમાં શહેરના તમામ સંગીતપ્રેમી શ્રોતાઓને વિના મૂલ્યે પ્રવેશ આપવામાં આવશે તેથી આ કાર્યક્રમને માણવા શહેરના તમામ સંગીત રસિકોને સંસ્થા દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કાર્યક્રમ અંગે વધુ વિગતો માટે ભીખાભાઈ પંચાલનો મો.નં. ૬૩૫૪૯૩૯૧૮૫ પર સંપર્ક સાધી શકાશે. સમગ્ર કાર્યક્રમ કરાઓ કે ટ્રેક શો પર તેઓ પ્રસ્તુત કરશે.



લોકરક્ષક દળ (પોલીસ) ભરતી ૨૦૧૮માં વિગતદર્શક કાર્ડ રજૂ કરવામાં આવેલ હોવા છતાં જાહેર થયેલ મેરીટ યાદીમાં રબારી, ચારણ અને ભરવાડ જાતિના ૧૦૧ ઉમેદવારોને પસંદગીમાં બાકાત રાખવામાં આવ્યા છે. જેની યોગ્ય કાર્યવાહી કરી મેરીટ પાત્રતા ધરાવતા ઉમેદવારોને પસંદગી યાદીમાં સમાવેશ કરવા વિદ્યાર્થીઓ દ્વારા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી તેમ ગોપાલક રચનાત્મક સમિતિના પ્રમુખ કાનજીભાઈ દેસાઈ જણાવ્યું હતું.

## રવિવારે ડૉ. આંબેડકર હોલ ખાતે 'સંગીતથી શબ્દાયનનો પરિચય' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૩
ગાંધીનગરના સેકટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે તા. ૧૫મી ડિસેમ્બર રવિવારના રોજ બપોરે ૧ થી સાંજના ૪ કલાક દરમિયાન ગુરુ બ્રાહ્મણ સમાજના કલાકારોનો સંગીતથી શબ્દાયનનો પરિચય કરાવતા કાર્યક્રમ 'સંગીતથી શબ્દાયનનો પરિચય'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિપદે મહેસાણાના પઢારિયા ગામના અને ઓરબિન એગ્રો ઈન્ડસ્ટ્રીઝના મનિષભાઈ શ્રીમાળી ઉપસ્થિત રહેશે.

'સંગીતથી શબ્દાયનનો પરિચય' કાર્યક્રમમાં ગરુ બ્રાહ્મણ સમાજના ગુજરાતભરના કલારત્નો ઈન્દિરબેન શ્રીમાળી, કૌશિકભાઈ શ્રીમાળી, ગ્રીષ્મા શ્રીમાળી, કુંજલ શ્રીમાળી, દેવેન્દ્રકુમાર વૈશ્યક, પરિમલ મહારાજ, નિલામ્બરી રત્નોત્તર, સંદિપ પંડયા, હિમાંશુ શ્રીમાળી, મનીષા શ્રીમાળી, દિપક તપોધન અને તુષાર સોમેશ્વરા ઉપરાંત ગાંધીનગરના જાણીતા ગાયક કલાકાર સુરેશભાઈ રત્નોત્તર તેમની સંગીતકલાથી મંચ દિપાવશે. આ કાર્યક્રમનું સંચાલન જાણીતા કવિ શૈલેષ પંડયા 'ભિનાશ' કરશે. કાર્યક્રમનો હેતુ 'શબ્દાયન' સંસ્થા અંગે નાગરિકો અવગત થાય તે માટેનો છે. એક સાથે ૧૩ ગાયકો અને ૬ વાદકો સાથેના આ સંગીતમય કાર્યક્રમને માણવા સંસ્થાના સંવાહક જશુભાઈ શ્રીમાળી અને કોષાધ્યક્ષ તથા જાણીતા તસવીરકાર નિકુંજ વૈશ્યકે જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

## શહેરમાં બેવડી ઋતુના અનુભવને કારણે નાગરિકો સીઝનલ રોગોના ભોગ

### દિવસે ગરમી અને રાત્રે ઠંડી સાથે વરસાદી ઝરમરીયાને પગલે શરદી-સળેખમથી માંડીને તાવ-કળતરની પીડા વધી : મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ૧૦ થી ૧૮ ડિગ્રી સે.નો તફાવત શરીરની બેલેન્સીંગ સીસ્ટમ ખોરવી રહ્યો છે

ગાંધીનગર, તા.૧૩
શહેરમાં ઠંડી-ગરમી-વરસાદનો ત્રિવેણી સંગમ રચાતા શહેરીજનો ઋતુજન્ય બિમારીઓનો ભોગ બની રહ્યા છે અને શહેરમાં શરદી-તાવ-ખાંસી-માથું દુઃખવું, હાથપગ તુટવા, ઉબકા આવવા, એસીડીટી થવી જેવા રોગોના દર્દીઓ વધી જવા પામ્યા છે. શહેરમાં અત્યારે એવી ઋતુ ચાલી રહી છે જેમાં દિવસે ગરમી અને રાત્રે ઠંડી અનુભવાઈ રહી છે તેમાં ગુરુવારે રાત્રે વરસાદી માહોલ અને શુક્રવારે વહેલી સવારે ભારે ગાઢ ધુમ્મમ ઘેરાવા જેવી ઘટનાઓના પગલે ખરેખર કઈ ઋતુ ચાલી રહી છે તે જ કળવું મુશ્કેલ બની રહ્યું છે. કેમ કે એક જ દિવસમાં નાગરિકો ત્રણ ત્રણ ઋતુનો અનુભવ કરી ચુકયા છે.

છેલ્લા એક સપ્તાહથી શહેરમાં રાત્રે ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે. પરંતુ તે સાથે દિવસે ગરમીનો પણ સારા એવા પ્રમાણમાં અનુભવ થઈ રહ્યો છે. ગત બુધવારે શહેરમાં તામપાનનો મહત્તમ પારો ૩૦.૮ ડિ.સે. નોંધાયો હતો તેની સામે લઘુત્તમ તાપમાન ૧૨.૬ ડિ.સે. સુધી ગગડી જવા પામ્યું હતું. આજ રીતે ગુરુવારે પણ મહત્તમ ૩૦.૪ ડિ.સે. સામે લઘુત્તમ તાપમાન માત્ર ૧૨.૨ ડિ.સે. નોંધાવા પામ્યું હતું. આમ મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ૧૮ ડિ.સે.થી વધુનો ગાળો જોવા મળ્યો હતો.

ગુરૂવારે રાત્રે શહેરમાં વિજળીના ચમકારા સાથે વરસાદી ઝરમરનો માહોલ સર્જાયો હતો જેને પગલે આજે શુક્રવારે મહત્તમ તાપમાન ગગડીને ૧૬.૬ ડિ.સે. નોંધાયું પરંતુ આશ્ચર્ય વચ્ચે લઘુત્તમ પારો ૧૬.૪ ડિ.સે. સુધી જ નીચે ઉતર્યો હતો. આમ ત્રેવડી ઋતુમાં નાગરિકોની અપેક્ષા કરતા વિપરિત સ્થિતિ મૌસમમાં સર્જાઈ રહી છે આમ છતાં ૧૦ ડિ.સે. જેટલો તફાવત જોવા મળ્યો હતો. આ પરિસ્થિતિમાં નાગરિકોનું શરીર ત્રેવડી ઋતુમાં થઈ રહેલી તાપમાનની વધઘટ સાથે તાલ મિલાવવામાં બિમારીનો ભોગ બની રહ્યા છે. હાલ શહેરમાં આ સ્થિતિને કારણે શરદી-સળેખમ, ખાંસી-ઉધરસ, ઉબકાં-ઉલ્ટી, તાવ-કળતર તેમજ એસીડીટી સહિતના રોગોના નાગરિકો ભોગ બની રહ્યા છે અને શહેરના દવાખાનાઓમાં દર્દીઓની ભીડ જોવા મળી રહી છે.

## આંબેડકર યુનિવર્સિટી સે-૧૫ ખાતે વિદ્યાર્થીઓ માટે અભ્યાસલક્ષી બેઠક યોજાશે

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કેન્દ્ર નં. ૦૫૦૧ સરકારી વિનયન કોલેજ સે-૧૫ ખાતે ઓગષ્ટ ૨૦૧૯ના સત્રમાં પ્રવેશ મેળવેલ ફકત એસ.વાય. બી.એ.-બી.કોમ. તથા એમ.એ.૧/૨ના વિદ્યાર્થીઓ માટે સવારે ૧૦ વાગ્યે અભ્યાસલક્ષી પરિચય બેઠક યોજાશે. જેમાં સર્વે વિદ્યાર્થીઓને સમયસર ઉપસ્થિત રહેવા વ્યવસ્થાપક દ્વારા જણાવાયું છે.

## આજે ગાંધીનગરમાં

● વચનામૃત જ્ઞાનવર્ષા મહોત્સવ અંતર્ગત સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે સવારે ૮ વાગ્યે વચનામૃત કવીઝ, પ.પૂ.ધ.ધૂ. આચાર્ય મહારાજ કૌશલેન્દ્રપ્રસાદજીનું આગમન, ૨.૩૦ વાગ્યે બહેનોનો વચનામૃત પ્રેરણાપ્રસંગ અને ૮ વાગ્યે છંદ, દોહા, કીર્તનની રમઝટ સાથે સોરઠી રાસ તથા જ્ઞાન ગોષ્ઠિ યોજાશે.

● સે-૧ સ્થિત સમદર્શન આશ્રમ ખાતે પૂજય ગુરુમા સમાનંદ સરસ્વતીજીની વ્યાસપીઠે શ્રીમદ ભાવગત સપ્તાહ અંતર્ગત બપોરે ૧ વાગ્યે દેહ શુધ્ધિ, તથા ૨ વાગ્યે શોભાયાત્રા નીકળશે જે સ્વામિનારાયણ મંદિર, ગાયત્રી મંદિર અને અયપ્પા મંદિરથી સમદર્શન આશ્રમ પધારશે તથા સાંજે ૫ વાગ્યે ભાગવતજીનું સામૈયું કરાશે.

● શિવરંજની દ્વારા આપણું મળવું ગઝલ કહેવાય છે સંગીત કાર્યક્રમ રાત્રે ૯.૩૦ કલાકે સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે યોજાશે.

● ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની જનરલ સભા સવારે ૧૦ વાગ્યે સે-૫ સ્થિત બગીચા ખાતે યોજાશે.

● ખેલ મહાકુંભ ૨૦૧૯ અંતર્ગત જિલ્લા કક્ષાના વિજેતા ખેલાડીઓ માટે ઈનામ વિતરણ કાર્યક્રમ સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન પ્રેક્ષા વિશ્વ ભારતી કોબા ગાંધીનગર ખાતે યોજાશે.

● માઉન્ટ કાર્મેલ સ્કૂલ ગાંધીનગર ખાતે સાંજે ૫ કલાકે ગોલ્ડન જર્ની ઓફ એકસેલન્સ (૧૯૭૦-૨૦૨૦) ડ્રીમ-ડેર-ડીસ્કવર યોજાશે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**
**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૨૦.૪૫
**મર્દાની-૨**
૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૫૦, ૫.૧૫, ૭.૪૦, ૧૦.૦૫
**પતિ પત્નિ ઔર વો**
૧૦.૦૦, ૪.૧૫, ૧૦.૩૦
**પાનીપત**
૧૨.૪૫, ૭.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૫.૪૦
**કમાન્ડો ૩ - ૧૨.૨૫**

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**
**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૯.૩૦, ૧૨.૦૫, ૨.૪૫, ૫.૨૫, ૮.૦૫, ૨૦.૪૫
(અંગ્રેજી) ૧૦.૩૦, ૯.૩૦
**મર્દાની-૨**
૧૦.૨૫, ૧૨.૪૫, ૩.૦૫, ૮.૧૫, ૧૦.૩૫
**પતિ પત્નિ ઔર વો**
૧૦.૫૦, ૧.૩૫, ૪.૨૦, ૧૦.૧૫
**પાનીપત**
૯.૫૦, ૩.૫૫, ૧૦.૦૫
**કમાન્ડો-૩ - ૧.૧૦**
**હેલ્લારો (ગુજરાતી)**
૩.૫૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**
**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૧૨.૩૫, ૨.૫૫, ૫.૧૫, ૭.૪૦, ૧૦.૦૫
(અંગ્રેજી) ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૩૫, ૨.૧૫, ૪.૫૫, ૭.૩૫, ૯.૧૫, ૧૦.૧૫
**પતિ પત્નિ ઔર વો**
૯.૩૦, ૧૨.૩૫, ૩.૪૦, ૬.૩૦, ૯.૫૫
**પાનીપત**
૧૨.૧૦, ૬.૨૫
**કમાન્ડો-૩ - ૪.૦૫**

**સિટી પલ્સ, કુડાસણ**
**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(હિન્દી) ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૦૦
(અંગ્રેજી) ૨.૪૫, ૭.૪૫
**મર્દાની-૨**
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫
**પતિ પત્નિ ઔર વો**
૨.૩૦, ૫.૦૦, ૧૦.૦૦
**પાનિપત**
૧૨.૪૫, ૬.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૨.૧૫, ૭.૩૦, ૧૦.૧૫
**ચાલ જીવી લઈએ - ૧૧.૪૫**
**હેલ્લારો (ગુજરાતી) - ૭.૩૦**

## ચિરવિદાય

● સ્વ. હસુમતીબેન નલીનકાંત દવે, ઉ.વ. ૭૮
● સ્વ. મોદી સમુબેન વસરામભાઈ, ઉ.વ. ૭૧
● સ્વ. કાનાજી નાથાજી ઠાકોર, ઉ.વ. ૭૧
● સ્વ. સાધના રણજીતસિંગ ચૌહાણ, ઉ.વ. ૩૬

**રક્તદાન મહાદાન**

# ગાંધીનગરમાં હોન્ડા દ્વારા રાષ્ટ્રીય માર્ગ સલામતી જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## ગાંધીનગરના માર્ગોને સલામત બનાવવા માટે શાળાનાં ૨,૩૦૦થી વધારે વિદ્યાર્થીઓએ પ્રતિજ્ઞા લીધી

ગાંધીનગર, તા.૧૩
ભારતનાં માર્ગોને ભવિષ્યમાં અકસ્માતોથી મુક્ત કરવાના અભિયાનમાં પ્રદાન કરવા હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (એચએમએસઆઈ) એ ગાંધીનગરમાં એનો રાષ્ટ્રીય માર્ગ સલામતી જાગૃતિ પ્રોગ્રામ હાથ ધર્યો હતો, જ્યાં જે એમ ચૌધરી સાર્વજનિક સ્કૂલનાં ૨,૩૦૦થી વધારે વિદ્યાર્થીઓ જાગૃત થયા હતા.

હોન્ડાનું રાષ્ટ્રીય માર્ગ સલામતી જાગૃતિ પ્રોગ્રામ ૩ દિવસ ચાલ્યો હતો, જેમાં ટ્રાફિકનાં નિયમો અને માર્ગ પર શિસ્તબદ્ધતાના મહત્ત્વપૂર્ણ મુદ્દાને આવરી લેવામાં આવ્યાં હતાં.






એનાથી શાળાનાં વિદ્યાર્થીઓને કાયદાનું પાલન કરતા નાગરિકો તરીકે વિકસવામાં મદદ મળશે. આ સામાજિક જવાબદારી પ્રત્યે સમર્પિત પ્રોગ્રામ વર્ષ અગાઉ શરૂ થયા પછી અત્યાર સુધી હોન્ડા ટુવ્હીલર્સ ઈન્ડિયાએ માર્ગ સલામતી પર ૧૨૦થી વધારે શહેરોમાં શાળા અને કોલેજોનાં ૪ લાખથી વધારે વિદ્યાર્થીઓને જાણકારી આપી છે.

હોન્ડાની માર્ગ સલામતી પર બાળકોને જાગૃતિ લાવવાની પ્રતિબદ્ધતા વિશે હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડનાં બ્રાન્ડ એન્ડ કમ્યુનિકેશનનાં વાઈસ પ્રેસિડન્ટ શ્રી પ્રભુ નાગરાજે કહ્યું હતું કે, "હોન્ડા માટે સલામતી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. મોબિલિટી બિઝનેસમાં જવાબદાર કોર્પોરેટ તરીકે અમે સક્રિયપણે સમાજમાં સવારી કરવાની સલામત આદતો વિકસાવી રહ્યાં છીએ. રાષ્ટ્રીય માર્ગ સલામતી જાગૃતિ માટેની પહેલ વર્તમાન બાળકોને પરિવર્તનની દિશામાં તથા ભવિષ્ય સલામત બનાવવાની દિશામાં એક પગલું છે. મે મહિનામા ગાંધીનગરમાં ૨,૪૦૦થી વધારે કોલેજનાં વિદ્યાર્થીઓ પાસેથી જબરદસ્ત પ્રતિસાદ પ્રાપ્ત થયા બાદ અમે હવે શાળાઓમાં આ એક્ટિવિટી હાથ ધરી છે. જેઓ સલામતી વિશે પ્રતિબદ્ધતા વ્યક્ત કરવાની સાથે તેમનાં પરિવારજનો માટે માર્ગ સલામતીના બ્રાન્ડ એમ્બેસેડર બનીને સંદેશ ફેલાવશે."